જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૩/૨૦૧૬ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૪૫૯/૧૬**

**ક્રાઇમ બ્રાન્ચ મા અગાઉ પકડાયેલ પિસ્ટલ તથા કાર્ટીઝની હેરાફેરી ના ગુન્હામા હિતેષ ઉર્ફે ચકા બારોટ ને ધરપકડ કરતી ક્રાઇમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં નાયબ પોલીસ કમિશ્નર શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં ગેર કાયદેસર હથિયારો રાખી લુટ, ધાડ, ખુનનાં ગુન્હાઓ બનતાં હોય જે ગુન્હાઓ શોધી કાઢવા તથા ગુન્હા બનતાં અટકાવવા સારૂ તેમજ નાસતા ફરતાં આરોપીઓને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આધારે ગઇ તા.૨૪/૦૧/૨૦૧૬ ના રોજ આરોપી પરેશ પ્રકાશભાઇ જાતે રાવલ ઉવ.૨૫ રહે. મ.નં.૭૧, ભગવતી નગર, અંબિકા હોટલ રોડ, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદશહેર નાને દેશી હાથ બનાવટની પિસ્ટલ નંગ:-૧ તથા નાના કાર્ટીસ નંગ-૦૧ સાથે પકડવામા આવેલ અને આરોપીની પુછપરછ દરમ્યાન સદરી હથિયારો હિતેષ ઉર્ફે ચકા બારોટ નાએ આપેલા નુ જણાવેલ

જેથી સદરી હીતેષભાઇ ઉર્ફે ચકો S/O હર્ષદભાઇ દશરથલાલ જાતે બારોટ ઉ.વ.૩૦ રહે.૧૨, ઇન્દીરાનગર સોસાયટી સી.ટી.એમ. રામોલ રોડ અમદાવાદ શહેર નાનો અન્ય ગુન્હાઓમા જેલ મા હોય તેનો કબ્જો મેળવી આ ગુન્હામા અટક કરી તા.૧૪/૦૩/૧૬ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવવામા આવેલ છે અને આરોપીની પુછપરછ દરમ્યાન કબ્જે કરેલ હથિયારો રાજસ્થાન કરોલી જીલ્લાના મહાવીરજી તાલુકામા રહેતા સલામ નામના માણસ પાસેથી લાવેલ અને પરેશ તથા હાર્દિક ઉર્ફે મોદી તથા રાજુ મારવાડી ને વેચાણે આપેલ

ઉપરોક્ત પકડાયેલ આરોપી હથિયારથી બીજા કેટલા ગુના કરેલ છે. કે કેમ ? તે દીશામાં તથા મળી આવેલ હથીયાર તથા કાર્ટીસ સીવાય અન્ય હથિયાર કે કાર્ટીસ છે. કે કેમ ? તથા તે સિવાય બીજા કોઇ ને હથિયારો વેચેલ છે કે કેમ ? તેમજ આ હથિયાર કયા ઉદ્દેશથી ખરીદવામાં આવેલ હતું. તે દિશામાં તપાસ પોલીસ સબ ઇન્સ. શ્રી કે.આઇ. જાડેજા નાઓ ચલાવી રહેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નડિયાદ મા પુજારી ના ખુન ના ગુન્હામા તથા અમદાવાદ મા હથિયાર રાખવાના અને ઇંગ્લીશ દારુના કેસો મા સંડોવાયેલ વોન્ટેડ આરોપી હાર્દિક ઉર્ફે મોદી નરેન્દ્રભાઇ શુકલ ને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં નાયબ પોલીસ કમિશ્નર શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં ગેર કાયદેસર હથિયારો રાખી લુટ, ધાડ, ખુનનાં ગુન્હાઓ બનતાં હોય જે ગુન્હાઓ શોધી કાઢવા તથા ગુન્હા બનતાં અટકાવવા સારૂ તેમજ નાસતા ફરતાં આરોપીઓને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી આર.આઇ. જાડેજા તથા પો.સ.ઇન્સ. શ્રી એસ.એન.દેસાઇ તથા બીજા સ્ટાફનાં માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે સીટીએમ પાસેથી આરોપી હાર્દીક ઉર્ફે મોદી નરેન્દ્રભાઇ જાતે શુકલ ઉવ.૨૧ રહે.૮/૫૭, સર્વોદય નગર, ખોખરા સર્કલ, ખોખરા અમદાવાદ નાને તા.૦૮/૦૩/૨૦૧૬ ના રોજ પકડી અટક કરવામાં આવેલ છે.

આ કામે પકડાયેલ આરોપીની પુછ પરછ કરતાં પોતે ટી.વાય. બી.કોમ માં અભ્યાસ કરે છે. પકડાયેલ આરોપી અગાઉ મારામારી ના કેસો મા અમરાઇવાડી તથા ખોખરા પોલીસ સ્ટેશન માં પકડાયેલ છે તથા સને ૨૦૧૨ માં નવરંગપુરા પોલીસ સ્ટેશન માં ખુન કેસ માં પકડાયેલ તથા અમરાઇવાડી તથા ક્રાઇમબ્રાન્ચમા ઇંગ્લીશદારુ તથા ગેર કાયદેસર હથિયાર રાખવાના કેસ માં પણ પકડાયેલ છે. અને અગાઉ અમદાવાદ ક્રાઇમબ્રાન્ચ ખાતે પકડાયેલ પરેશ પ્રકાશભાઇ રાવલ પાસેથી મળી આવેલ પિસ્ટલ તથા કાર્ટીઝ પણ પકડાયેલ આરોપી હાર્દિક ઉર્ફે મોદી તેના મિત્ર રાજુ મારવાડી તથા પરેશ રાવલ સાથે જઇ ને રાજસ્થાન જયપુર પાસેથી ખુનના ગુન્હા મા નાસતો ફરતો આરોપી હિતેષ ઉર્ફે ચકા બારોટ પાસેથી લાવેલ છે જે ગુન્હાના કામે હાર્દિક ઉર્ફે મોદી ને પકડવા મા આવેલ છે

આ કામે પકડાયેલ આરોપી અગાઉ સને ૨૦૧૨ મા મણિનગર એલ.જી.હોસ્પીટલ મા બલવંત કહાર ના ખુન કેસમા નાસતો ફરતો હિતેષ ઉર્ફે ચકો બારોટ નાને નડીયાદ પીપલગ મોટી નહેર ખોડીયાર માતાનાં મંદિર ના પુજારી સાથે ઝઘડો થતા તેની અદાવત મા હિતેષ ઉર્ફે ચકા બારોટ તથા રાજુ મારવાડી તથા રાજુ પ્રજાપતિ તથા સુરજસિંહ રાજપુત તથા કન્હૈયા તથા અન્ય મિત્ર સાથે મળી પુજારી ને મારમારી ચપ્પુના ઘા મારી ખુન કરેલ જે ગુન્હામા ક્રાઇમ બ્રાન્ચ મા હિતેષ ઉર્ફે ચકા બારોટ ને પકડવામા આવતા આ હાર્દિક ઉર્ફે મોદી તથા સહ આરોપીઓ નાસી ગયેલ અને હાર્દિક ઉર્ફે મોદી ને પકડવા મા આવેલ છે તેમજ ગઇ તા ૧૮/૦૨/૨૦૧૬ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ મા દાખલ થયેલ પ્રોહીબીશન કેસમા પણ સંડોવાયેલ છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ઉપરોક્ત પકડાયેલ આરોપી તથા તેના મિત્રોએ પોતાની પાસે એક વર્ષથી હથિયાર રાખેલ હોય, જે હથિયારથી બીજા કેટલા ગુના કરેલ છે. કે કેમ ? તે દીશામાં તથા મળી આવેલ હથીયાર તથા કાર્ટીસ સીવાય અન્ય હથિયાર કે કાર્ટીસ છે. કે કેમ ? તેમજ આ હથિયાર કયા ઉદ્દેશથી ખરીદવામાં આવેલ હતું.? તેમજ નડિયાદ ખાતે મંદિરના પુજારી ના ખુનના કેસમા વોન્ટેડ બીજા આરોપીઓ વિશે ની માહિતી મેળવવા તેમજ આ સિવાય બીજા કોઇ ગુન્હાઓમા સંડોવાયેલ છે કે કેમ? તે દિશામાં તપાસ પોલીસ સબ ઇન્સ. શ્રી કે.આઇ. જાડેજા નાઓ ચલાવી રહેલ છે.

**<u>અગાઉ મારામારી તથા લૂંટના ગુનાઓમાં પકડાયેલ અને અસલાલી ખાતે ફાયરીંગ કરી નાસતા ફરતા રીઢા ગુનેગાર મુસ્તાક ઉર્ફે ટોલીને હથિયાર સાથે ઝડપી લેતી ક્રાઈમબ્રાંચ</u>**

નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમબ્રાંચ, અમદાવાદ શહેર નાઓની સુચનાથી તથા મદદનિશ પોલીસ કમિ.શ્રી ક્રાઇમબ્રાંચ, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી જે.એન.ઝાલા તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી શ્રી એચ.પી. કરેણને શરીર સંબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તથા નાસતાફરતા આરોપીને ઝડપી પાડવા સુચના કરેલ હોય જે સુચના અન્વયે તેઓ ટીમના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સ્ટાફના માણસોને મળેલ બાતમી હકીકત આધારે પીરાણા ઓકટ્રોય ટોલનાકા પાસેથી આરોપી મુસ્તાક ઉર્ફે ટોલી ઉર્ફે દેડુ સ/ઓ મુસ્તફા મલેક રહે. ફતેહવાડી કેનાલની પાછળ , અસલાલી નાઓને એક તમંચા સાથે ઝડપી પાડેલ છે.

મજકુરની પુછપરછમાં તેણે આજથી આશરે પંદરેક દિવસ પહેલા મિલકત સંબધે ના ઝઘડામાં નાણાની લેતીદેતીની તકરારમાં બિલ્ડર સાદીકહુસેન મોદન રહે. સોદાગરની પોળ , જમાલપુર નાઓ પર હુમલો કરી ઉપરોક્ત તમંચા દ્વારા ફાયરીંગ કરેલા ની કેફિયત આપેલ છે. જે અનુસંધાને અસલાલી પોલીસ સ્ટેશનમાં પકડાયેલ આરોપી વિરુદ્ધ ગુનો દાખલ થયેલ છે. જેમાં તે હાલ સુધી નાસતોફરતો રહેલ છે. આરોપી પોતે જમીન દલાલીના ધંધા સાથે સંકળાયેલ છે અને તેણે ઉપરોક્ત બિલ્ડર પર ધાક જમાવવા સારૂં હથિયાર ખરીદેલાની કેફિયત આપેલ છે. આ ગુનામાં પકડાયેલ હથિયાર પોતે વેઈટર તથા કેટરિંગનાં ધંધા સાથે સંકળયેલ ચાંદ રહે. મુંબઈનાઓ પાસેથી ખરીદેલ હોવાનું જણાવેલ છે.

**<u>મુસ્તાક ઉર્ફે ટોલી નો ગુનાહિત ઈતિહાસ</u>**

પકડાયેલ આરોપી અગાઉ સને ૨૦૦૬માં એલિસબ્રિજ પો.સ્ટે.માં લૂંટનાં ગુનામાં પકડાયેલ હતો અને શહેરના દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં મારામારીનાં તથા શરીર સંબધી ત્રણ (૩) ગુનાઓમાં પકડાયેલ છે. સદર આરોપીની ઝીણવટ ભરી પુછપરછ તપાસ હાલ પો.સ.ઈ શ્રી એચ. પી. કરેણનાઓ ચલાવી રહેલ છે ,બીજા પણ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)